## CCC રજીસ્ટ્રેશન માટે અગત્યની સૂચનાઓ

૧. ઓનલાઇન રજીસ્ટ્રેશન તા. ૧૨-૧૦-૨૦૨૦ થી ૦૮-૧૧-૨૦૨૦ સુધી ચાલુ રહેશે. ઓનલાઇન રજીસ્ટ્રેશનમાં ઉમેદવારોએ પોતાનું નામ (સર્વિસબુક પ્રમાણે) ઇ-મેલ એડ્રેસ, અને પાસવર્ડ એન્ટર કરવાનું રહેશે. ઉપરની માહિતી આપવાથી ઉમેદવારનો એક એપ્લીકેશન નંબર કોમ્પ્યુટર સ્ક્રીન પર બતાવશે જે ઉમેદવારે લખી લેવાનો રહેશે. ત્યાર પછીના તમામ કાર્ય માટે એપ્લીકેશન નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.

૨. તા. ૧૨-૧૦-૨૦૨૦ થી ૦૮-૧૧-૨૦૨૦ સુધીમાં તથા ૦૯-૧૧-૨૦૨૦ ના રોજ સાંજે છ (૬) વાગ્યા સુધીમાં ઉમેદવારે માંગેલ માહિતી એન્ટર કરવાની રહેશે. રજીસ્ટેશન ફોર્મ સંપુર્ણ ભરાઇ જાય પછી સેવ કરીને તેની એક પ્રિન્ટ કાઢવાની રહેશે.

૩. એક વખત પ્રિન્ટ લીધા પછી કોઇ જ માહિતી બદલી શકાશે નહી.

૪. આ પ્રિન્ટેડ રજીસ્ટ્રેશન ફોર્મમાં **૧) ઉમેદવારે પોતાની સહી તથા ૨)પોતાની ઓફીસનો સિક્કો અને ૩) ખાતાના વડા/આચાર્યની સહી તથા સિક્કો** કરવાના રહેશે. આ સહી તથા સિક્કા વગરના ફોર્મ સ્વીકારવામા આવશે નહી.

૫. રજીસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦/- (માત્ર થીયરી પરીક્ષા માટે), રૂ. ૧૦૦/- (માત્ર પ્રેકટીકલ પરીક્ષા માટે), રૂ. ૨૦૦ (થીયરી અને પ્રેકટીકલ પરીક્ષા માટે) છે, જે ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા બાદ પોસ્ટ ઓફીસમાં જ ફોર્મ જમા કરાવવાનું રહેશે.

૬. પ્રિન્ટેડ રજીસ્ટ્રેશન ફોર્મમાં જો ફોટો અને બારકોડ સ્પષ્ટ દેખાતો નહી હશે તથા એક કરતા વધારે એપ્લીકેશન ફોર્મ ભરેલ હશે તો તેમનું ફોર્મ રદ કરવામાં આવશે.

૭. રજીસ્ટ્રેશન ફોર્મ તથા કચેરી તરફથી મળેલ ઓળખપત્રમાં નામ સરખું હોવું જરૂરી છે. જો નામમાં તફાવત હશે તો અરજી સ્વીકારવામાં આવશે નહી.

૮. પોસ્ટ ઓફીસામા જમા કરવાના ડોક્યુમેન્ટસ નીચેમુજબના હોવા જોઇએ.

   (A) ઓરીજીનલ રજીસ્ટ્રેશન ફોર્મ પ્રિન્ટઆઉટ તેમા ૧) ઉમેદવારની સહી તથા ૨) પોતાની ઓફીસનો સિક્કો અને ૩) ખાતાના વડાની સહી અને સિક્કા સાથે હોવુ જોઇએ.

   (B) ઓળખપત્ર ની નકલ (હાલની સર્વિસનું ઓળખ-પત્ર) (ઓફીસ આઇ-કાર્ડ) અથવા એપોઇન્ટમેન્ટ લેટર ની નકલ.

૯. ઉમેદવારે પોતાની અરજી દર્શાવેલ પુરાવા તથા ફી સાથે પોસ્ટ ઓફિસમાં તા. ૧૦-૧૧-૨૦૨૦ સુંધીમાં જમા કરાવવાની રહેશે.

૧૦. તા. ૧૧-૧૧-૨૦૨૦ પછી પોસ્ટ ઓફિસમાં એપ્લીકેશન સ્વીકારવામાં આવશે નહી.

૧૧. દરેક ઉમેદવારે **પરીક્ષા દરમ્યાન સર્વિસનું ઓળખ પત્ર (ઓફીસ આઇ-કાર્ડ), લાઇસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, ઇલેકશન-કાર્ડ અથવા પાનકાર્ડ (આ બધામાથી કોઇ એક ઓરીજીનલ) ફરજીયાત લાવવાનું રહેશે.**

૧૨. પરીક્ષાનું કેન્દ્ર યુનિવર્સિટીની વેબસાઇટ **(www.vnsgu.ac.in)** ઉપર મુકવામાં આવશે.

**૧૩. સી.સી.સી રજીસ્ટ્રેશન ફોર્મમાં તથા અન્ય કોઇ સમસ્યા હોય તો ccc@vnsgu.ac.in ઉપર ઇ-મેલ કરવાનો રહેશે.**

**૧૪. ગુજરાત સરકારશ્રીનાં સરકારી કર્મચારીઓ કે જેમની ઓફીસ કે શાખા દક્ષિણ ગુજરાત (ભરુચ, ડાંગ, તાપી, સુરત, વલસાડ અને નવસારી જીલ્લા) મા હોય તેવા કર્મચારી જ ફોર્મ ભરી શકશે. અન્ય જેવા કે પ્રાઇવેટ સ્કુલ, પ્રાઇવેટ કોલેજ, કે પ્રાઇવેટ ઓફીસ વાળા ઉમેદવારો ફોર્મ ભરી શકશે નહી.**

**All rights for CCC Admission and Examination are Reserved by VNSGU.**